Thursday
29.12.2022
*Volume :7 * Issue No.149
*Email.: kamalamgujarat@gmail.com
*www.kamalamgujarat.com
*Editor :Mahesh N. Patel:- (98249 10606)

ગતિશીલ ગુજરાત ની વિકાસ ગાથા રજૂ કરતું એકમાત્ર અખબાર...

# કમલમ્



KAMALAM ગાંધીનગર થી પ્રસિદ્ધ થતું દૈનિક Daily

RNI No.:GUJGUJ/2016/73451
PRINTED MATTER

To,

*Managing Editor: Arjun Sondarva *Office: A-3, Plot No. R - 13, Tanishq Complex, New Greencity, Sector-26, Gandhinagar (Gujarat) 382028 *Page :04*Rs. 00.25/- *Annual Rs. 90/-



# PM મોદીના ભાઈ પ્રહલાદ મોદીની કારને અકસ્માત, ૫ લોકો થયા ઘાયલ

કમલમ્ ન્યુઝ,નવીદિલ્હી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભાઈ પ્રહલાદ મોદીની કારને મૈસુરથી બાંદીપુર જતા કાર અકસ્માત થયો છે. સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, કારમાં સવાર પરિવારના સભ્યો સુરક્ષિત હોવાનું જાણવા મળે છે. માત્ર પરિવારના સભ્યોને સામાન્ય ઈજાઓ પહોંચી છે. મૈસુરના ડેપ્યુટી કમિશનર સીમા લટકર અકસ્માતનો ભોગ બનેલા લોકોની હાલત પૂછવા હોસ્પિટલ પહોંચ્યા છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, કર્ણાટકમાં મંગળવારે બપોરે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભાઈ પ્રહલાદ મોદીની કારને અકસ્માત નડ્યો હતો. કારમાં પ્રહલાદ મોદી સહિત તેમના પુત્ર મેહુલ મોદી, પુત્રવધૂ જીનલ મોદી અને પૌત્ર મહાર્થ મોદી સહિત ૫ લોકો સવાર હતા. દરેક વ્યક્તિ ઘાયલ થયા છે. અકસ્માતમાં કારની ડ્રાઈવર સાઈડ મોટું નુકસાન થયું છે. તમામ ઘાયલોને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. કોઈની હાલત ગંભીર નથી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ભાઈ પ્રહલાદ મોદીની કારને કર્ણાટકના મૈસૂર પાસે મંગળવારે અકસ્માત નડ્યો હતો. અહેવાલ મુજબ, અકસ્માત થયો ત્યારે પ્રહલાદ મોદી તેમના પુત્ર અને પુત્રવધૂ સાથે હતા અને તેમને નજીકની હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતા. આ અકસ્માત કર્ણાટકના મૈસૂર તાલુકાના કાડાકોલા પાસે ત્યારે થયો હતો. જ્યારે રસ્તા પર આવી રહેલા એક વ્યક્તિને બચાવવા માટે કારના ચાલકે બ્રેક લગાવી હતી. જેના કારણે કાર પૂરપાટ ઝડપે રોડના ડિવાઈડર સાથે અથડાઈ હતી. બપોરના સમયે આ અકસ્માત સર્જાયો હતો. કારમાં પ્રહલાદ મોદી સહિત તેમના પુત્ર મેહુલ મોદી, પુત્રવધૂ જીનલ મોદી અને પૌત્ર મહાર્થ મોદી સહિત ૫ લોકો સવાર હતા. દરેક વ્યક્તિ ઘાયલ છે. તમામ ઘાયલોને ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. કોઈની હાલત ગંભીર નથી. ડોક્ટરના જણાવ્યા અનુસાર પ્રહલાદના ચહેરા પર સામાન્ય ઈજાઓ છે, તેમના પૌત્રને પગમાં ઈજાઓ છે અને અન્ય લોકોને પણ નાની-મોટી ઈજાઓ થઈ છે.

# મુખ્યમંત્રીશ્રીના અધ્યક્ષ સ્થાને મળેલી કેબિનેટ બેઠક બાદ પ્રવક્તા મંત્રીશ્રી ઋષિકેશ પટેલ દ્વારા જાહેર કરાયેલા મહત્વના નિર્ણયો

## રાજ્યમાં વધું નવા ૨૯ કડિયાનાકા પર શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્રો શરૂ કરવાનો નિર્ણય




કમલમ્ ન્યુઝ,

રાજ્ય સરકારના પ્રવકતા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મળેલ કેબિનેટ બેઠકમાં લેવાયેલા અગત્યના નિર્ણયો સંદર્ભે મીડિયાને વિગતો આપતા જણાવ્યું હતુ કે, ગુજરાતમાં બંધકામ શ્રમિકો અને તેમના પરિવારજનો માટે કાર્યરત શ્રમિક અન્નપૂર્ણા યોજનાની સેવાઓનું વિસ્તરણ કરીને આવતીકાલ તારીખ ૨૯-૧૨-૨૦૨૨ થી રાજ્યમાં વધુ નવા ૨૯ જેટલા કડિયાનાકા પર આ સુવિધાનો શુભારંભ કરાવવામાં આવશે. આમ હવે રાજ્યના કુલ ૫૧ કડિયાનાકા – વિતરણ કેન્દ્રો પર આ યોજનાની સેવાઓ ઉપલબ્ધ બનશે. મુખ્ય મંત્રીશ્રીના સક્ષમ નેતૃત્વ અને શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બળવંતસિંહ રાજપૂતના સતત માર્ગદર્શન હેઠળ ગુજરાતના બાંધકામ શ્રમિકો માટે પોષણયુક્ત ભોજન મળી રહી તેવા ઉમદા હેતુથી શરૂ કરવામાં આવેલ શ્રમિક અન્નપૂર્ણા યોજના કાર્યરત છે. આ યોજના હેઠળ નોંધાયેલા બાંધકામ શ્રમિકો અને તેના પરિવારજનોને પ્રતિ વ્યક્તિ માત્ર રૂ. ૫/- ના નજીવા દરે સાત્વિક અને પોષણયુક્ત ભોજન આપવામાં આવે છે તેમ તેમણે ઉમેર્યુ હતુ. પ્રવકતા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે શિક્ષણ વિભાગ અંતર્ગત હાથ ધરાયેલ નવીન પહેલ સંદર્ભે માહિતી આપતા કહ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ અમલી બનાવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને શિક્ષણ મંત્રી શ્રી કુબેરભાઈ ડિંડોરના સતત માર્ગદર્શન હેઠળ શિક્ષણ નીતિની અમલવારીમાં ગુજરાત અગ્રેસર છે. મંત્રી શ્રી ઋષિકેશ પટેલે કહ્યું કે, આ નવી રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-૨૦૨૦ની જોગવાઈ હેઠળ આવતા પ્રિ- વોકેસનલ વિદ્યાર્થીઓ કે જેઓ ૬ થી ૮ ધોરણમાં અભ્યાસ કરી રહ્યા છે, તેઓ માટે ૧૦- બેગલેસ ડે ની જોગવાઈ કરવામાં આવી છે. જેનો હેતુ વિદ્યાર્થીઓને શૈક્ષણિક સમજણના કૌશલ્ય સાથે જોડવાનો છે. જેમાં જુદા જુદા સ્થાનિક વ્યવસાયો અંતર્ગત વિદ્યાર્થીઓને જીવંત અનુભવો પૂરા પાડવામાં આવશે. જેમાં વિદ્યાર્થીઓને બેંક, ઉદ્યોગો, યુનિવર્સિટી, આઈટીઆઈ જેવી સંસ્થાઓની મુલાકાત કરાવવામાં આવશે. જેના થકી વિદ્યાર્થીઓના જ્ઞાન,સમજણને કૌશલ્ય સાથે જુદી જુદી પ્રવૃત્તિઓ દ્વારા સ્થાનિક ઉદ્યોગો, કળા, સંસ્કૃતિ જ્ઞાન-વિજ્ઞાન અને ટેકનોલોજી આધારિત સ્થાનિક ઔધોગિક સંસ્થાઓના અનુભવો દ્વારા કૌશલ્યવર્ધન અને ભાવી કારકિર્દી વધુ ઉજ્જ્વળ બનશે. આ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓના રસ અને વલણને જાણી શકાશે. જો કે વિદ્યાર્થીને કોઈ ગ્રેડ કે ગુણ આપવામાં આવશે નહીં. શિક્ષક આનો આંતરિક અથવા ગોપનીય મૂલ્યાંકન કરી શકે અને તેનો આંતરિક રેકોર્ડ પણ રાખી શકે છે તેમ મંત્રી શ્રીએ ઉમેર્યું હતુ. વધું વિગતો આપતા તેમણે કહ્યું કે, શિક્ષકો અને બાળકો સરેરાશ રોજ ૭ કલાક શાળામાં વિતાવે છે, જેને જોતા વર્ષ દરમિયાન આ કાર્યક્રમની પ્રવૃતિઓ માટે શાળાના સમયના ૧૦ દિવસ અથવા તો ૬૦ કલાક ફાળવવામાં આવશે.જેમાં સત્રના પ્રથમ ભાગમાં ૫ દિવસ અને સત્રના બીજા ભાગમાં ૫ દિવસ આમ ૧૦ દિવસ વિવિધ પ્રવૃત્તિઓનું આયોજન કરી શકાશે. પ્રારંભિક તબક્કે જાન્યુઆરી – ૨૦૨૩ ના પ્રથમ સપ્તાહમાં અજમાયશી ધોરણે રાજ્યની ૪૯૧ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ૧૦-બેંગલેસ ડેનો અમલ શરૂ કરવામાં આવશે. જ્યારેબીજા તબક્કામાં જાન્યુઆરી, ૨૦૨૩ અંત સુધીમાં ૧૦૦૯ ઉચ્ચ પ્રાથમિક શાળાઓમાં ૧૦- બેગલેસનું અમલીકરણ કરવામાં આવશે. જેના માટે શાળા દીઠ - રૂ. ૧૫,૦૦૦/- એમ કુલ રૂ. બે કરોડની નાણાકીય જોગવાઈ કરવામાં આવી હોવાનું મંત્રી શ્રીએ જણાવ્યું હતુ.

## રાજ્યમાં નોન-યુઝેબલ સરકારી બિલ્ડીંગની યાદી તૈયાર કરીને જરૂરિયાત પ્રમાણે નવા બાંધકામ કરીને તેને ઉપયોગમાં લેવાશે - પ્રવકતા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ



કમલમ્ ન્યુઝ,

રાજ્ય સરકારના પ્રવકતા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને મળેલ કેબિનેટ બેઠકમાં લેવાયેલ અગત્યના નિર્ણયની જાહેરાત કરતા જણાવ્યું હતુ કે, રાજ્યની નોન –યુઝેબલ બિલ્ડીંગની યાદી તૈયાર કરીને જરૂરિયાત પ્રમાણે આ તમામ બિલ્ડીંગનું નવું બાંધકામ કરીને ઉપયોગમાં લેવા માટેનો અગત્યનો નિર્ણય કરવામાં આવ્યો છે. જેના થકી રાજ્યની માળખાકીય સેવાઓમાં અને લોકોની જન સુખાકારીમાં વધારો થશે તેવો વિશ્વાસ મંત્રીશ્રીએ વ્યકત કર્યો હતો. તેમણે વધુ વિગતો આપતા જણાવ્યું હતુ કે, અમદાવાદ, મહેસાણા, રાજકોટ, સુરત, વડોદરાની ગ્રામ્ય અને સર્કલ ઓફિસમાં સમાવિષ્ટ કુલ ૨૧૯ રેસીડેન્સીયલ અને ૨૩૯ જેટલી નોન રેસીડેન્સીયલ આમ કુલ ૪૫૮ જેટલી નોન યુઝ્ડ બિલ્ડીંગને જરૂરિયાત પ્રમાણે નવું બાંધકામ કરીને ઉપયોગમાં લેવા માટેનો મહત્વનો નિર્ણય કરવામાં આવ્યો છે.

# શિક્ષણમંત્રી શ્રી ડો. કુબેરભાઈ ડીંડોરની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાતની યોજાઈ કારોબારી બેઠક

## રાજયકક્ષાના શિક્ષણમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયા પણ વિશેષ ઉપસ્થિત રહ્યા









કમલમ્ ન્યુઝ,

અમદાવાદના ડો. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી ખાતે અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ સંલગ્ન રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ગુજરાત દ્વારા રાજ્ય કારોબારી બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં નવનિયુકત શિક્ષણમંત્રી શ્રી ડો. કુબેરભાઈ ડીંડોર તથા રાજયકક્ષાના શિક્ષણમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયાનું સન્માન કરાયું હતું. આ કારોબારી બેઠકમાં તમામ પદાધિકારીઓએ શિક્ષણમંત્રીશ્રી સાથે સંવાદ સાધ્યો હતો. રાજ્ય કારોબારીની આ બેઠકમાં દરમ્યાન તમામ સંવર્ગના પ્રાંત, વિભાગ તથા જિલ્લા પદાધિકારીઓ હાજર રહ્યા હતા. આ પ્રસંગે શિક્ષણમંત્રી શ્રી ડો. કુબેરભાઈ ડીંડોરે જણાવ્યું હતું કે, બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીમાં આવેલ સૌ સરસ્વતીના ઉપાસકોનું સ્વાગત કરું છું. તેમણે કહ્યું હતું કે, શિક્ષક એ કર્મચારી નથી પરંતુ રાષ્ટ્રનો સેવક છે, સમાજનો સેવક છે. આ ઉપરાંત તેમણે કહ્યું હતું કે, રાષ્ટ્ર કે હિત મેં શિક્ષા, શિક્ષા કે હિત મેં શિક્ષક, શિક્ષક કે હિત મેં સમાજ આ સૂત્રને સાચા અર્થમાં સાર્થક કરીશું. તેમણે એમ પણ જણાવ્યું હતું કે, આ શૈક્ષિક મહાસંઘ સાથે તમામ શિક્ષક મિત્રો જોડાય અને પ્રચાર પ્રસાર થાય તે દિશામાં આપણે સૌએ કામ કરવાનું છે. વધુમાં શ્રી ડીંડોરે કહ્યું કે, આવનારા સમયમાં શિક્ષકના હિતમાં, બાળકોના હિતમાં અને સમાજના હિતમાં આપના સૂચનો અને સાથ સહકાર થકી યોગ્ય નિર્ણયો કરીશું. અંતમાં તેમણે કહ્યું કે, આજે દેશ આઝાદીનો અમૃત મહોત્સવ ઉજવી રહ્યો છે ત્યારે આપણે સૌ આપણી જવાબદારી નિભાવીને રાષ્ટ્ર પ્રત્યેનું યોગદાન આપીએ. આ પ્રસંગે રાજયકક્ષાના શિક્ષણમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરિયાએ જણાવ્યું હતું કે, શિક્ષક એ બાળકના ઘડતરનું નિર્માણ કરે છે. શિક્ષક એ સમાજમાં આંબો ઉછેરે છે અને તેનું સંવર્ધન કરે છે. તેમણે ઉપસ્થિત લોકોને સંબોધતા કહ્યું કે, આજે ભારતીયતાનું મૂલ્ય વધી રહ્યું છે તે તમારા જેવા શિક્ષકોને આભારી છે. શિક્ષક પ્રત્યેનું સન્માન રાષ્ટ્રના પ્રત્યેક વ્યક્તિની આંખોમાં તેજસ્વીભર્યું હોવું જોઈએ. આ કારોબારી બેઠકમાં ડો. બાબાસાહેબ આંબેડકર યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડો. અમીબહેન ઉપાધ્યાયે જણાવ્યું હતું કે, આ ભારતરત્ન ડો. બાબાસાહેબના નામ સાથે જોડાયેલી યુનિવર્સિટી છે. અમારી ટીમ નાની પણ કર્મઠ છે. વધુમાં તેમણે કહ્યું કે, અહીં નાખેલું બીજ વટવૃક્ષ બને છે માટે આજની કારોબારી બેઠકમાં આપણે શિક્ષણ વિશે કોઈ સારા વિચારના બીજ રોપીશું તો આવનારા સમયમાં એ વટવૃક્ષ બનશે જ. આ ઉપરાંત ડો. અમીબહેને જણાવ્યું હતું કે, મંત્રી શ્રી કુબેરભાઈ અને પ્રફુલભાઈ સાથે આ યુનિવર્સિટીનો જૂનો નાતો છે. તેમના માર્ગદર્શન હેઠળ આ યુનિવર્સિટી શૈક્ષણિક ક્ષોત્રે નવી જવાબદારી સ્વીકારવવા તત્પર છે. આ કારોબારી બેઠકમાં રાજ્યભરમાંથી શૈક્ષિક મહાસંઘના પદાધિકારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

